# Dr.D.R.Parmar
# Principal
# Anand Education College,Anand.

Gujarati

- # કહેવતો :
- પ્રસ્તાવના
- કહેવત એટલે શું ?
- કહેવતના સ્વરૂપની લાક્ષણિકતાઓ
- કહેવતોનું પ્રયોજન
- કહેવતો અને રૂઢિપ્રયોગો વચ્ચે તફાવત

- **<u>પ્રસ્તાવના :</u>**

- રૂઢિપ્રયોગોની જેમ કહેવતોનો ઉપયોગ કરવાથી આપણું કથન શકિતશાળી અને સચોટ બને છે.
- કહેવતોમાં સુંદર ઉપદેશ રહેલો હોય છે.
- કહેવતોની ભાષા કર્ણપ્રિય હોય છે.
- શહેરના અને ગામડાંના બધા લોકો પોતાના વિચારોને સચોટ રીતે જણાવવા કહેવતનો ઉપયોગ કરતા હોય છે.

- કહેવત એટલે શું ?

- કહેવત અનુભવન્ય ઘટના, પ્રસંગ કે પ્રતીકના વર્ણનરૂપ સચોટ ઉકિત હોય છે. તે કેટલીક વાર પૂર્ણ વાકયમાં અને કેટલીક વાર અપૂર્ણ વાકયમાં હોય છે.
- કહેવત એટલે કહેલી વાત, કથન કે લોકોક્તિ.
- કવિ નર્મદના મંતવ્ય પ્રમાણે ‘પરંપરાથી લોકોમાં કહેવાતું આવેલું બોધરૂપ, દૃષ્ટાંતરૂપ વાક્ય. વિદ્વાનો,ડાહ્યા માણસાો જે વચન કહી ગયા છે

- <u>**કહેવતના સ્વરૂપની લાક્ષણિકતાઓ**</u> :

૧) **લાઘવ**: ઓછામાં ઓછા શબ્દોમાં વધુ કહેવું.

૨) **વ્યાવહારિકતા**: લોકોની સૂઝબૂઝ, લોકરુચિ બુદ્ધિ વગેરેનું પ્રતિબિંબ.

૩) **પ્રાસબદ્ધ કે ચમત્કૃતિપૂર્વકની અભિવ્યક્તિ** : કહેવતમાં કયારેક પ્રાસબદ્ધતા હોય છે. તેમાં ચમત્કૃતિપૂર્વકની સચોટ રજૂઆત હોય છે.

૪) **વારસાગત યા પરંપરાયુક્ત** : તે લોકસમુદાયમાં પરંપરાગત રીતે યા વારસાગત રીતે ઊતરી આવે છે.

- **કહેવતોનું પ્રયોજન /મહત્વ :**

- કહેવત દ્વારા કથયવિષય સચોટ અને અસરકારક બને છે.
- અભિવ્યક્તિ મમીસ્પર્શી બને છે.
- કહેવતમાં  લોકસમુદાયનાં ડહાપણ,અનુભવોનો ખજાનો હોય છે.
- કહેવતો માં સમાજવ્યવસ્થાનું પ્રતિબિંબ ઝીલાય છે.